# જિલ્લામાં પાંચ સખી અને પાંચ મોડેલ મતદાન મથક ઉભા કરવામાં આવશે

**૪ સખી મતદાન મથક શહેરી વિસ્તારમાં પસંદ કરાયા છે તો એક ગ્રામ્ય વિસ્તારનું છે : કલેક્ટર**

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લામાં વિધાનસભાની પાંચ બેઠકોની યોજાનાર સામાન્ય ચૂંટણીમાં પાંચ મહિલા અધિકારીઓ સંચાલિત પોલીંગ સ્ટેશન અને પાંચ મોડેલ પોલિંગ સ્ટેશન ઉભા કરવામાં આવશે તેમ જિલ્લા કલેક્ટર સતીષ પટેલે આજે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે મહિલાઓ સંચાલિત પાંચ પોલિંગ સ્ટેશનને 'સખી મતદાન મથક' એવુ નામાભિધાન કરવામાં આવ્યુ છે. આ મતદાન મથકના તમામ પોલિંગ ઓફિસરથી લઈ સુરક્ષા કર્મીઓ સહિતનો તમામ સ્ટાફ મહિલાઓનો હશે. આ પાંચ પોલિંગ સ્ટેશન નિયત કરી દેવામાં આવ્યા હોવાનું પણ તેમણે જણાવ્યુ હતુ.

● અનુસંધાન પાન-૬ પર

**પ્રથમ માસિક અશ્રુભિની શ્રધ્ધાંજલિ**



**સ્વ. મિતેશ મંગળદાસ પટેલ**
જ.તા.૦૬/૦૪/૧૯૭૧ સ્વ.તા.૨૮-૯-૨૦૧૭ (ઉનાવા-ગાંધીનગર)

જીવન એવું જીવી ગયા કે ભુલશું નહીં,
વિદાય એવી લીધી કે અમે કદી વિસરશું નહિં,
છોડી અમારા સૌનો સાથ, જઈ વસ્યા પ્રભુને પાસ
આપની અણધારી થઈ વિદાય યાદ અમારા દિલમાં રહેશે સદાય
પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમશાંતિ અર્પે એજ પ્રાર્થના

લિ.
કાલીદાસ વિઠ્ઠલભાઈ પટેલ
શૈલેષભાઈ મંગળદાસ પટેલ (ભાઈ)
જયેશભાઈ મંગળદાસ પટેલ (ભાઈ)
ગં.સ્વ. છાયાબેન મિતેશભાઈ પટેલ
યશ(ભોલુ) મિતેશભાઈ પટેલ (પુત્ર)
પોપટભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (પુર્વ ધારાસભ્ય ગાંધીનગર)
જશુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
કનુભાઈ વિઠ્ઠલભાઈ પટેલ
જસંવતભાઈ છોટાલાલ મોદી
મૌલિક (રિન્કુ)કાલીદાસ પટેલ
ઘનશ્યામભાઈ કેશવલાલ પટેલ
જગદીશભાઈ કેશવલાલ પટેલ (જે.કે.)
મોનિલ આર. પટેલ
ભરતસિંહ પી. ગોલ
નિર્મલસિંહ એન. વાઘેલા
શંભુજી કે ગોલ
તથા સ્વ.મોતીભાઈ બકોરભાઈ પટેલ પરિવાર, વાવોલ

અંબિકા ટ્રેડર્સ, સેક્ટર-૨૨
અંબિકા એન્ટરપ્રાઈઝ, સેક્ટર-૧૧

## જુના સેકટરોમાં પાણીની પાઈપલાઈ બદલવાનુ કામ ટુંકમાં શરૂ થશે

**3 કરોડનો ખર્ચ થશે તબક્કાવાર તમામ સેકટરોમાં પાણી વિતરણ વ્યવસ્થા અપગ્રેડ થશે**

ગાંધીનગર તા ૨૭

શહેરમાં પાણીની સમસ્યાને ડામવા માટે સેકટરોમાં પાઈપલાઈન બદલવાની કામગીરી હાથ ધરાશે. પ્રથમ તબક્કે જુના ત્રણ સેકટરોમાં પ્રાયોગિક ધોરણે પાઈપલાઈન બદલવાનુ કામ હાથ ધરાશે. જયારે આ કામગીરી પાછળ અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ કરાશે. સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત તબક્કાવાર તમામ સેકટરોમાં પાઈપલાઈન અપગ્રેડ કરવામાં આવશે.

શહેરમાં સેકટરોના દાયકાઓ જુની પાઈપલાઈન બદલવાની અનિવાર્યતા ઉભી થઈ છે. સેકટરોમાં પાણી ફોર્સથી ન આવતુ હોવાની પોકાર સમયાંતરે ઉઠતી રહે છે. જયારે પાણીની આ પોકારને ડામવા માટે હવે પાઈપલાઈન બદલવાનુ કામ હાથ ધરાશે. દાયકાઓ જુની પાઈપલાઈન કેટલાક ઠેકાણે કટાયેલી હાલતમાં છે. જયારે પાણી સપ્લાય કરવા માટે સક્ષમ પણ ન હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે પાઈપલાઈનના લીધે લીકેજીસની સમસ્યા પણ વધી છે. આવા સંજોગોમાં શહેરનો સ્માર્ટ સીટી અંતર્ગત સમાવેશ થતા પાણી વિતરણ વ્યવસ્થાને અપગ્રેડ કરવા ચક્રો ગતિમાન થયા છે. પ્રથમ તંત્ર દ્વારા સેકટરોમાં પાણીના સપ્લાય માટે જરૂરી પાઈપલાઈનને બદલવા માટે કાર્યયોજના તૈયાર કરવામાં આવી છે. જેમાં જુના સેકટરોમાં પ્રથમ તબક્કે પાઈપલાઈન બદલવામાં આવશે. જેમાં ત્રણ સેકટરોમાં પ્રાયોગિક ધોરણે પાઈપલાઈ બદલવામાં આવશે. જેની પાછળ અંદાજિત રૂ ૩ કરોડનો ખર્ચ કરવામાં આવશે.આ કામગીરીને અનુલક્ષીને વર્ક ઓર્ડર આપી દેવાયો છે. જયારે આગામી ૧૦ દિવસમાં કામ શરૂ કરાશે. જુના સેકટરોમાં પ્રાયોગિક ધોરણે પાઈપલાઈન બદલવાનુ કામ આગામી આઠ મહીનામાં પુર્ણ કરી દેવાશે. ત્યારબાદ જુના તેમજ નવા સેકટરોમાં પણ પાણીની લાઈન બદલવામાં આવશે. ગાંધીનગરનો સ્માર્ટ સીટીમાં સમાવેશ થતા પાણી વિતરણ વ્યવસ્થાને અસરકારક બનાવવા માટે આયોજન કરવામાં આવ્યુ છે.

**STOCK MARKET LEADER REQUIRED**
**NEW OFFICE STAFF**
Equity Dealer : 3, Front Office Asst : 2
Salary Rs.6500 to 15000 + Petrol + Incentive
F-13, Meghmalhar, Sector-11, Opp.CNG Pump,Gandhinagar.
M.99747 03401, Email:bestboi123@gmail.com

**સીનીયર સીટીઝન સોસાયટી**
નો. નંબર : ૪૪૫૮૧/૧૫
વરિષ્ઠ - પેન્શનર્સ અને સીનીયર સીટીજનના કલ્યાણકારી કાર્યો માટે શરૂ થઈ છે.
ગુજરાતની એકમાત્ર સીનીયર સીટીજન માટેની સહકારી સંસ્થા
● કાનુની મફત સલાહ ● સામાજીક માર્ગદર્શન
● મેડીકલ સલાહ ● યાત્રા-પ્રવાસ આયોજન
● આઉટીંગ ● રીફ્રેશમેન્ટ કોર્સિસ
● સામાજિક કાર્યક્રમો ● સાંસ્કૃતિક કાર્યક્રમો
અને અનેક વિઘ પ્રવૃત્તઓ માટે... માત્ર સભાસદશ્રીઓ માટે જ...
સભ્યપદ ચાલુ... મર્યાદિત સભ્યપદ
જિલ્લા દીઠ કો.ઓર્ડીનેટર નિમવાના છે.
-: સંપર્ક :- ૦૯૭૩૭૩૦૮૦૦૦
શ્રી ગુજરાત સ્ટેટ પેન્શનર્સ વેલ્ફેર કો.ઓપ. ક્રેડીટ સોસાયટી લી.
રીઝર્વ બેંક રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

## સે. ૧૪માંથી ડેન્ગ્યુનો કેસ મળ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર શહેરમાં આજે પણ ડેન્ગ્યુનો એક કેસ મળી આવ્યો છે. છેલ્લા ત્રણ દિવસમાં ત્રણ કેસ મળી આવતાં તંત્રની ચિંતામાં વધારો થયો છે. પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે સે. ૧૪ના ગોકુલપુરા વિસ્તારમાંથી આ કેસ મળી આવેલ છે. અગાઉ સે. ૨૯ અને સે. ૩૦માંથી બે કેસ મળ્યા હતા. આ સાથે શહેરમાં ડેન્ગ્યુના કેસોની સંખ્યા ૩૦ પર પહોંચી છે.

તંત્ર દ્વારા મળી આવેલ દર્દીઓના ઘરની આસપાસ સર્વેલન્સ કરવામાં આવ્યુ છે પણ કોઈ નવા કેસ કે શંકાસ્પદ તાવના કેસ મળ્યા નથી. તંત્રની ટીમો દ્વારા એન્ટી લારવેલ અને ફોગીંગની કાર્યવાહી પણ કરવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

## રાહુલની મુલાકાતને પગલે રવિવારે બેઠક

અમદાવાદ, તા. ૨૭

કોંગ્રેસના રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ રાહુલ ગાંધી આગામી તા. ૧, ૨ અને ૩જી નવેમ્બર એમ ત્રણ દિવસ દરમ્યાન ગુજરાતમાં દક્ષિણ ગુજરાતના ચૂંટણી પ્રવાસે આવી રહ્યા છે ત્યારે ગુજરાત કોંગ્રેસ દ્વારા તેની પણ તડામાર તૈયારીઓ અને આયોજન ચાલી રહ્યા છે. આ આયોજનના ભાગરૂપે તા. ૨૯મી ઓકટોબરના રોજ દક્ષિણ ગુજરાતના કોંગ્રેસના આગેવાનો અને નેતાઓની એક મહત્વની બેઠક બોલાવવામાં આવી છે, જેમાં સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના રાહુલ ગાંધીના પ્રવાસને મળેલી જોરદાર સફળતાની જેમ આ વખતે દક્ષિણ ગુજરાતમાં પણ રાહુલ ગાંધીનો ચૂંટણી પ્રવાસ સફળ રહે તે માટેની રણનીતિ અને વ્યૂહરચના તૈયાર કરવામાં આવશે. કોંગ્રેસના નેતાઓ દ્વારા દક્ષિણ ગુજરાતના આગેવાનો અને સ્થાનિક નેતાઓને આ અંગેની જરૂરી સૂચના અને માર્ગદર્શન પણ આપવામાં આવશે.


ગુણવતાયુક્ત ગાંધીનગર મધુર સંકલ્પના પ્રણેતા
ચેરમેનશ્રી, ડો. શંકરસિંહ આર. રાણા
તથા મધુર નિયામક મંડળના
**નૂતન વર્ષાભિનંદન**



**ડો. શંકરસિંહ આર. રાણા**
**ચેરમેનશ્રી**


બારૈયા સોમાજી શકરાજી (નાના ચિલોડા : દૂધ મંડળી)


ચૌધરી વિનુભાઈ કેશાભાઈ (મહાદેવપુરા : દૂધ મંડળી)


પટેલ ગિરિશભાઈ નારણભાઈ (ઉનાવા : દૂધ મંડળી)


બારોટ હર્ષદભાઈ નટવરલાલ (કાકાનું તારાપુર : દૂદ મંડળી)


પટેલ રમેશભાઈ મફતલાલ (દંતાલી : દૂધ મંડળી)


રાણા કનુસિંહ રામસિંહ (તાજપુર : દૂધ મંડળી)


સોલંકી ધીરજબેન શંભુજી (અંબિકાનગર : મહિલા દૂધ મંડળી)


પટેલ રમીલાબેન શકરાભાઈ (કુડાસણ : દૂધ મંડળી)


રાણા બાલુબેન ફુલસિંહ (વલાદ : મહિલા દૂધ મંડળી)


ઝાલા રંજનબેન મુકેશભાઈ (રામનગર (યા.) : મહિલા દૂધ મંડળી)


ઠાકોર હંસાબેન વિનોદજી ( નવાપુરા : મહિલા દૂધ મંડળી)

**ડો. રાણાની નવી વરાયેલ નિયામક મંડળ-૨૦૧૫ ની ટીમ**
ગુણવત્તાયુક્ત ગાંધીનગર
મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન
स्वच्छ भारत एक कदम स्वच्छता की ओर
Vibrant GUJARAT
Digital India Power To Empower
ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ.
સેકટર-૨૫, મધુર ડેરી, ગાંધીનગર.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com